COVID-19ની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં ઉભી કરેલ Infectious Disease Control હોસ્પિટલ માટે નોડલ ઓફિસરોને નાણાકીય સત્તાઓ સોંપવા બાબત.

**ગુજરાત સરકાર**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઠરાવ ક્રમાંક:એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.-૧-ગ

સચિવાલય, ગાંધીનગર

તા. 15 APR 2020

**વંચાણે લીધો:-**

(૧) સામાન્ય વહિવટ વિભાગના તા.૨૦/૦૩/૨૦૨૦ હુકમ ક્રમાંક:એઆઇએસ-૧૦૨૦૨૦-૧૬૨૬૬૫-ગ.

**પ્રસ્તાવના:**

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણને નિયંત્રણમાં લેવાના થતાં નિવારાત્મક પગલાઓ બાબતે પ્રાદેશિક કક્ષા એ આયોજન, સંકલન તથા **Infectious Disease Control** હોસ્પિટલ ઉભી કરવા તેમજ આનુષંગિક કામગીરી સંદર્ભે સા.વ.વિ ના વંચાણે લીધેલ હુકમ ક્રમાંક:(૧)થી ચાર સીનીયર આઈ.એ.એસ. અધિકારીશ્રીઓને કામગીરી સોંપવામાં આવેલ છે.

**ઠરાવ:-**

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અધિકારીઓને સોંપાયેલ કામગીરી અન્વયે તેમના કાર્યક્ષેત્ર અનુસારના મ્યુનિ. વિસ્તારની સિવિલ હોસ્પિટલોના સુપ્રિન્ટેન્ડેટને વિભાગના હાલમાં અમલી ઠરાવથી રોગી કલ્યાણ સમિતિમાંથી ખર્ચ કરવાની નાણાકિય સત્તાઓ આપવામાં આવેલ છે તે તેમજ જિલ્લા કલેક્ટરશ્રીઓને નેશનલ હેલ્થ મિશન હેઠળની આરોગ્ય વિષયક તેમજ આનુષંગિક કામગીરી સંદર્ભે પ્રવર્તમાન જે નાણાકીય સત્તાઓ સોંપવામાં આવેલ છે તે તમામ સત્તાઓ ઉપરાંત COVID-19ની પરિસ્થિતિને પહોંચી વળવા ઝડપથી અને સરળતાથી કામગીરી કરી શકે તે હેતુસર,

(૧) શ્રી પંકજ કુમાર, આઈ.એ.એસ., આરોગ્ય વિસ્તાર અમદાવાદ અને ગાંધીનગર,

(૨) ડો. વિનોદ આર. રાવ, આઈ.એ.એસ. આરોગ્ય વિસ્તાર વડોદરા,

(૩) શ્રી એમ.એસ.પટેલ, આઈ.એ.એસ. આરોગ્ય વિસ્તાર સુરત અને

(૪) ડો. રાહુલ ગુપ્તા, આઈ.એ.એસ. આરોગ્ય વિસ્તાર રાજકોટ અને ભાવનગરને

સદર કામગીરી દરમિયાન આવશ્યક સાધન સામગ્રી તથા અન્ય આનુષાંગિક બાબતો માટે હાલની અમલી ખરીદ નીતિ તથા અન્ય ખરીદીને લગતી નિયમ અનુસારની પ્રક્રિયાઓને અનુસર્યા સિવાય તાત્કાલિક સંજોગોમાં જરૂરી જણાય તે તમામ દવાઓ, સાધન સામગ્રી ,માનવબળ,આંતર માળખાકીય સુવિધાઓ અને તમામ અન્ય કોઇપણ જરૂરી વસ્તુઓ/સેવાઓ રૂ.૨.૦૦ કરોડ (અંકે રૂપિયા બે કરોડ પુરા)ની મર્યાદામાં રોગી કલ્યાણ સમિતિમાંથી અથવા NHM (નેશનલ હેલ્થ મિશન)હેઠળની જિલ્લા આરોગ્ય સોસાયટી(ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી)માંથી વિવેકપૂર્ણ રીતે ખર્ચ કરવાની નાણાકીય સત્તાઓ સોંપવાનું ઠરાવવામાં આવે છે. આ ઠરાવ અન્વયે COVID-19 અંગેના પી.આઇ.યુ.ના કામોનો પણ અમલ કરી શકાશે.

આ મંજુરી/નાણાકીય સત્તાઓ તા.૩૦/૬/૨૦૨૦ સુધી જ અમલમાં રહેશે.

સદર સત્તા સોંપણી અન્વયે કરવામાં આવેલ ખર્ચ/ખરીદી અંગેની તમામ વિગતો/માહિતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને મોકલવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૩/૪/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આઈ.એમ.કુરેશી)**
સંયુકત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી પંકજકુમાર, અધિક મુખ્ય સચિવ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડો.વિનોદ આર. રાવ, સચિવશ્રી, ( પ્રા. અને માધ્યમિક શિક્ષણ ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી એમ.એસ. પટેલ, કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગર.
- ડો. રાહુલ ગુપ્તા, ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી(આરોગ્ય), કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મિશન ડાયરેકટરશ્રી, નેશનલ હેલ્થ મિશન, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, પી.આઇ.યુ., સિવિલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, જી. એમ.એસ.સી.એલ., બ્લોક નં.૧૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ અધિક નિયામકશ્રી,કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,બ્લોક નં. ૧૯ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિદ્ધિ અર્થે.
- એ.જી.શ્રી, એ.જી. કચેરી, રેસ કોર્સ રોડ, રાજકોટ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી(તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦